# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) ભારતે ભૂટાન સાથે રેલવે કનેક્ટીવીટી વધારવાની પ્રતિબદ્ધતા દોહરવી.

2) ગૃહ મંત્રાલયે દિલ્હી બ્લાસ્ટની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સીને સોંપી.. ભોગ બનનાર લોકોને વળતરની જાહેરાત.

3) બિહાર વિધાનસભા ચૂંટણીનું શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન.

4) વિદેશ મંત્રી એસ. જયશંકર આજે કેનેડાની મુલાકાતે.

5) ISSF વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે ત્રણ સુવર્ણ, સાથે કુલ 11 ચંદ્રકો જીત્યા

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## INDIA AND BHUTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભૂટાનની મુલાકાતના બીજા દિવસે થિમ્પુના ચાંગલિમિથાંગ સ્ટેડિયમ ખાતે આયોજિત કાલચક્ર સશક્તિકરણ સમારોહમાં ભાગ લેશે.

શ્રી મોદીએ ગઈકાલે થિમ્પુમાં ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.

શ્રી મોદીએ ભારત અને ભૂટાન વચ્ચે રેલવે કનકેટીવીટી વધારવાની પ્રતિબદ્ધતા દોહરવી હતી

(બાઇટ: પી એમ રેલવે)

ભારત સરકારે ભૂટાનમાં ઊર્જા પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે ભૂટાન માટે ચાર હજાર કરોડ રૂપિયાની કન્સેશનલ લાઇન ઓફ ક્રેડિટની જાહેરાત કરી છે.

## DELHI BLAST AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષાની બેઠકમાં બ્લાસ્ટના ગુનેગારોને ઝડપી પાડવા માટેના આદેશ આપ્યા.

દરમિયાન, ગૃહ મંત્રાલયે આ ઘટનાની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને સોંપી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે શ્રી શાહે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને વિસ્ફોટ સ્થળ પરથી એકત્રિત કરાયેલા નમૂનાઓનું મેચિંગ અને તપાસ કરવા અને વિસ્ફોટની વિગતો વહેલી તકે રજૂ કરવા સૂચના પણ આપી હતી. સૂત્રોએ ઉમેર્યું હતું કે એજન્સીને વિસ્ફોટ થયેલી કારમાંથી એકત્રિત કરાયેલા મૃતદેહોના નમૂનાઓ સાથે મેચ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો. NIAને આ મામલાની તપાસ કરવા અને વહેલી તકે રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને માહિતી આપી છે કે સુરક્ષા કારણોસર લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન બંધ રહેશે. અન્ય તમામ સ્ટેશનો રાબેતા મુજબ કાર્યરત છે. લાલ કિલ્લો પણ ગુરુવાર સુધી મુલાકાતીઓ માટે બંધ રહેશે.

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે એક કારમાં થયેલા વિસ્ફોટમાં આઠ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

## DELHI BLAST COMPENSATION

દિલ્હી બ્લાસ્ટ ઘટનામાં માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકોના પરિવારોને સરકારે વળતરની જાહેરાત કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ માહિતી આપી હતી કે આ ઘટનામાં જીવ ગુમાવનારાઓના પરિવારોને 10 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રીએ એમ પણ ઉમેર્યું હતું કે કાયમી રીતે અપંગ વ્યક્તિઓને 5 લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને

2 લાખ રૂપિયા આપવામાં આવશે. મંત્રીએ એમ પણ કહ્યું હતું કે રાજ્ય સરકાર ઘાયલોની યોગ્ય અને ગુણવત્તાયુક્ત સારવારની જવાબદારી લેશે.

દરમિયાન, દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને માહિતી આપી છે કે સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં રાખીને, લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનનો પ્રવેશ અને બહાર નીકળવાનો રસ્તો આગામી આદેશ સુધી બંધ રહેશે.

# PORBANDAR ALERT

દિલ્હી ખાતે બોમ્બ બ્લાસ્ટને પગલે ગુજરાતનાં પોરબંદર સહિત રાજ્યની દરિયાઈ પટ્ટી પર સલામતીની વ્યવસ્થા સઘન બનાવાઈ છે. પોરબંદર જિલ્લાના ગોસા આર.ડી.એક્સ. લેન્ડિંગ પોઈન્ટ સહિત પોરબંદરના બંદર, રેલ્વે સ્ટેશન અને દરિયાઇ પટ્ટી પર પોલીસે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

પોલીસના બૉમ્બ સ્કવૉર્ડ, ડોગ સ્કવૉર્ડની ટીમે જમીન પર અને મરીન પોલીસે સમુદ્ર પર ચેકીંગ અને સુરક્ષા વધારી દીધી છે.

# BIHAR---ASSEMBLY-ELECTION

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે. ગઈકાલે 20 જિલ્લાઓના 122 મતવિસ્તારોમાં પ્રતિ મતદાર 69 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

(બાઇટ: આનંદ કુમાર)

**અમારા સંવાદદાતા જણાવે છે કે આ ચૂંટણીના સૌથી નોંધપાત્ર પાસાઓમાંનો એક મહિલા મતદારોનો ઉત્સાહપૂર્ણ ભાગ હતો, જે પુરુષો કરતાં વધુ સંખ્યામાં બહાર આવ્યા હતા.**

**સાંભળીએ એક અહેવાલ..**

**(બાઇટ: ધર્મેન્દ્ર સંવાદદાંતા )**

**બંને તબક્કાની મતગણતરી શુક્રવારે હાથ ધરવામાં આવશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# S. JAISHANKAR

કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદના આમંત્રણ પર, વિદેશ મંત્રી એસ. જયશંકર આજે કેનેડામાં ઓન્ટારિયોની મુલાકાત લેશે અને આઉટરીચ પાર્ટનર્સ સાથે G7 વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે ડૉ. જયશંકર G7 વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન દ્વિપક્ષીય બેઠક કરે તેવી અપેક્ષા છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે વિદેશ મંત્રીની ભાગીદારી વૈશ્વિક પડકારોનો સામનો કરવા અને આંતરરાષ્ટ્રીય મંચો પર ગ્લોબલ સાઉથના અવાજને મજબૂત બનાવવા માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે કામ કરવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનઃ ઉચ્ચાર કર્યો હતો.

# TURKISH-PLANE-CRASH

અઝરબૈજાનથી ઉડાન ભર્યા પછી ગઈકાલે જ્યોર્જિયામાં એક તુર્કી C-130 લશ્કરી કાર્ગો વિમાન ક્રેશ થયું હતું.

આ ઘટનાનું કારણ અને જાનહાનિનો આંકડો હજુ સ્પષ્ટ નથી. તુર્કીના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ફ્લાઇટ ક્રૂ સહિત 20 તુર્કી કર્મચારીઓ સવાર હતા, પરંતુ અન્ય દેશના મુસાફરો વિશે કોઈ વધારાની વિગતો આપી નથી. દરમિયાન, સ્થાનિક મીડિયા અહેવાલ આપે છે કે યુએસ-નિર્મિત વિમાનમાં તુર્કી અને અઝેરી બંને પ્રકારના કર્મચારીઓ સવાર હતા.

C-130 હર્ક્યુલસ ચાર એન્જિન ધરાવતું કાર્ગો, સૈન્ય અને સાધનો વાહક વિમાન છે.

# ISSF WORLD CHAMPIONSHIP

ઇજિપ્તના કૈરોમાં ISSF વર્લ્ડ ચેમ્પિયનશિપ વધુ એક રજત ચંદ્રક ભારતે પોતાના નામે કર્યો

એર પિસ્તોલ વર્લ્ડ ચેમ્પિયન સમ્રાટ રાણા - ડિફેન્ડિંગ ચેમ્પિયન એશા સિંહ અને ઓલિમ્પિયન ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમરે અનુક્રમે 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ અને પુરુષોની 50 મીટર રાઇફલ 3 પોઝિશન શૂટિંગ ઇવેન્ટ્સમાં રજત ચંદ્રક  મેડલ જીત્યા હતા.

આ બે મેડલ સાથે ISSF વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતએ ત્રણ સુવર્ણ, પાંચ રજત અને ત્રણ કાંસ્ય સાથે કુલ 11 ચંદ્રકો જીત્યા છે ફક્ત ચીને 14 મેડલ સાથે વધુ મેડલ જીત્યા છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે.

મધ્યપ્રદેશમાં ઠંડીથી તીવ્ર ઠંડીની સ્થિતિ રહેશે. તેમાં ઉમેર્યું હતું કે આ મહિનાની 15મી તારીખ સુધી દક્ષિણ હરિયાણા, છત્તીસગઢ, દિલ્હી, ચંદીગઢ અને પૂર્વ રાજસ્થાનમાં પણ ઠંડીની સ્થિતિ રહેશે. હવામાન એજન્સીએ આગામી 2 થી 3 દિવસમાં દેશના ઉત્તરપૂર્વ ભાગમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી કરી છે.

# PUBLIC SERVICE BROADCASTING DAY

આજે જાહેર સેવા પ્રસારણ દિવસ છે. રાષ્ટ્રપિતા અને સ્વાતંત્ર્ય સેનાની મહાત્મા ગાંધીના રેડિયો દ્વારા આપેલા ઐતિહાસિક સંબોધનને યાદ કરવા માટે દર વર્ષે 12 નવેમ્બરના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં દિલ્હી વિસ્ફોટ અને બિહાર ચૂંટણીના સમાચાર મુખ્ય મથાળે વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, વિવિધ શહેરોમાં સિરિયલ બ્લાસ્ટનું ષડયંત્ર હતું, દેશમાં પહેલીવાર કોઈ ટેરર મોડયુલમાં આટલા ડૉક્ટર પકડાયા. સંદેશે લખ્યું છે કે, દારોડાથી ગભરાયેલા આતંકી ઉમરે બ્લાસ્ટ કર્યો. તો ગુજરાત સમાચાર લખે છે કે, દિલ્હી વિસ્ફોટ "આત્મઘાતી હુમલો", મહિલા આતંકીની સંડોવણી.
- બિહાર ચૂંટણી વિશે પ્રથમ પાને નવગુજરાત સમયે લખ્યું છે કે, બિહારમાં ફરીવાર NDA સરકાર --એક્ઝિટ પોલ્સમાં જીતની આગાહી જ્યારે ફૂલછાબે લખ્યું છે કે, બિહારમાં નો સરપ્રાઇસ: NDA જીતશે.
- સ્થાનિક સમાચારોમાં અમદાવાદમાં સળંગ ચોથા દિવસે 16 ડિગ્રીથી નીચું તાપમાન, ઇસ્કોન બ્રિજ પર 9ને કચડી નાખનારા તથ્ય સામે 3 સપ્તાહમાં ચાર્જફ્રેમ કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ, રજિસ્ટર્ડ ફાર્મસિસ્ટનો ડેટા 30મી સુધી મોકલવા સ્ટેટ કાઉન્સિલને તાકીદ સહિતના સમાચાર વાંચવા મળી રહ્યા છે.